


ઘ-૧ વિસ્તાર જુના ફર્નિચર વેચાણનું કેન્દ્ર બન્યું

# સે-૧૬માં ધોળે દિવસે એક લાખની લૂંટ

## સે-૮માં રહેતી મહિલા બેંક ઓફ ઈન્ડિયામાંથી રૂપિયા ઉપાડીને પોતાની ગાડીનું લોક ખોલવા પાર્કીંગ ગઈ ત્યાં પલ્સર પર આવેલા બે ગઠીયા રૂપિયા ભરેલી થેલી ઝુંટવીને ઘ-૫ તરફના રસ્તે રફ્ફુ ચક્કર થઈ ગયા

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર શહેરના ભરચક અને સતત રાહદારીઓની અવરજવર વાળા હાર્દ સમા વિસ્તાર એવા સેકટર-૧૬ ખાતે આજે ધોળે દિવસે રૂ. ૧ લાખ રોકડ ભરેલી થેલની લુંટ થતા ચકચાર મચી જવા પામી છે. બ્લેક પલ્સર પર આવેલા બે શખ્સોએ બેંક ઓફ ઈન્ડિયા સે-૧૬ ખાતેથી રૂપિયા ઉપાડીને નિકળેલી મહિલાને ટાર્ગેટ બનાવી રૂપિયા ભરેલી થેલીની લુંટ ચલાવી હતી. લુંટ કરીનેબંને શખ્સો ઘ-૫ તરફના માર્ગ પર રફ્ફુ ચક્કર થઈ ગયા હતા. સે-૨૧ પોલીસે લુંટનો ગુનો દાખલ કરીને ઝીણવટભરી તપાસ શરુ કરી છે.

મળતી માહિતી મુજબ શહેરના સેકટર-૮ ખાતે પ્લોટ નં. ૫૭૭/૧ ખાતે રહેતા નેહલબેન મયંકભાઈ મહેતા આજે બપોરના સવા ત્રણ વાગ્યાના અરસામાં બેંક ઓફ ઈન્ડિયા સે-૧૬ની શાખામાં ઉપાડવા ગયા હતા. બેંકમાંથી રૂ.




પોતાની ગાડી લઈને રૂપિયા ૧ લાખ રોકડા ઉપાડીને તેમણે એક સફેદ થેલીમાં મુકયા અને બેંકમાંથી બહાર નીકળીને પાર્ક કરેલી પોતાની ગાડી પાસે પહોંચ્યા હતા. ગાડીનું લોક ખોલી રહ્યા હતા ત્યારે એપ્રોચ રોડ પર બ્લેક પલ્સર બાઈક પર ડબલ સવારી આવેલ શખ્સો નેહલબેનની નજીક આવ્યા અને તેમના હાથમાંથી રૂપિયા ભરેલી થેલી આંચકી લીધી હતી. ભરચક વિસ્તારમાં ધોળે દિવસે શહેરમાં ઘુસેલા લુંટારુંઓએ નેહલબેનના હાથમાંથી એક લાખ રોકડા ભરેલી થેલી લુંટી પળવારમાં બંને શખ્સો ફરાર થઈ ગયા હતા. આ શખ્સો ઘ-૫ તરફ ભાગ્યા હતા. મહિલાએ સે-૨૧ પોલીસને ઘટનાની જાણ કરતાં પોલીસે લુંટનો ગુનો દાખલ કરી બ્લેક પલ્સર પર આવેલા બે શખ્સોને શોધવા તપાસ શરુ કરી છે. પોલીસે બેંકના સીસીટીવી કેમેરાના ફુટેજ ઉપરાંત સર્કલોના ફુટેજ પણ મેળવવા તજવીજ શરુ કરી છે.

# દારૂ-બિયરનો જથ્થો ભરેલી વર્ના ટેન્કર સાથે ટકરાઈ

## ડભોડા પોલીસે વર્ના ગાડી પકડવા વોચ ગોઠવીને પોલીસ જોઈને વર્ના ચાલકે સ્પીડ ડબલ કરી દીધી : વલાદ પાટીયા પાસે અકસ્માત સર્જાયો : રૂ. ૪ લાખનો મુદ્દામાલ જપ્ત

ગાંધીનગર, તા.૫

ડભોડા પોલીસની ટીમે ગઈ સાંજે બાતમીને આધારે દારૂ-બિયર ભરીને હેરાફેરી કરતી વર્ના કારની વોચ ગોઠવી હતી. પોલીસને વૉચમાં જોઈને વર્ના ચાલકે સ્પીડ ડબલ કરી દેતા સામે આવતી ટેન્ક સાથે ટકરાઈ ગઈ હતી. કારમાંથી ૨૦૮ નંગ વિદેશી દારૂની બોટલો તથા ૭૨ બિયરના ટીન મળી આવ્યા હતા. પોલીસે રૂ. ૪ લાખનો મુદ્દામાલ જપ્ત કરી ફરાર થઈ ગયેલા બુટલેગરની શોધખોળ શરુ કરી છે.

ડભોડા પોલીસ મથકના પીએસઆઈ પી.જે. સોલંકી કરાઈ ખાતે બંદોબસ્તમાં હતા ત્યારે તેમને બાતમી મળી હતી કે વિદેશી દારૂ અને બિયરનો જથ્થો ભરેલી વર્ના કાર નં. જીજે ૧ કે.બી. ૬૬૦૧ ચિલોડાથી અમદાવાદ તરફ પસાર થનાર છે. જેને આધારે તેમની ટીમને જેઠીપુરા






ખાતે વૉચમાં ગોઠવાઈ જવા સુચના આપી હતી. પોલીસની ટીમ જેઠીપુરા પાટીયા પાસે વૉચમાં ગોઠવાઈ ગઈ હતી ત્યારે આ બાતમી વાળી કાર ત્યાંથી પસાર થઈ હતી. પોલીસે કારને કોર્ડન કરીને ઉભી રખાવવા પ્રયત્ન કરતા પોલીસને જોઈને કાર ચાલકે સ્પીડ વધારી દીધી હતી. દરમિયાન વલાદ પાટીયા પાસે સામેથી આવતી એક ટેન્કર સાથે વર્ના ટકરાઈ ગઈ હતી. પોલીસે ગાડીમાં તપાસ કરતાં રૂ. ૧ લાખનો દારૂ-બિયરનો જથ્થો મળી આવ્યો હતો. દારૂ-બિયર તથા કાર મળી ડભોડા પોલીસે રૂ. ૪ લાખનો મુદ્દામાલ જપ્ત કરી લઈ કાયદેસરની કાર્યવાહી શરુ કરી છે. તો બીજી તરફ આરોપી બુટલેગર અંધારાનો લાભ લઈને ફરાર થઈ ગયો હતો તેને પકડવા ચક્રો ગતિમાન કર્યા છે.

# સિસિકાની ઉત્કૃષ્ઠ સેવાકીય પ્રવૃત્તિ

ગાંધીનગર, તા.૪

ગાંધીનગરના સિનિયર સિટિઝન્સ કાઉન્સિલ દ્વારા વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ હાથ ધરાય છે. આ પ્રવૃત્તિઓમાં ગરીબ દર્દીઓને આર્થિક સહાયતા વૃદ્ધાશ્રમના વડીલોને સહાય તથા નિઃશુલ્ક દવાઓ પુરી પાડવાનો સમાવેશ થાય છે. આ સેવાકીય પ્રવૃત્તિઓમાં સિસિકાને સહયોગ મંડળનો સાથ મળી રહે છે.

સિસિકા દ્વારા ગાંધીનગરની આસપાસના ગામોના કુલ ૧૩૩૮ જરૂરિયાતમંદ દર્દીઓને તબીબી સારવાર પુરી પાડવામાં આવી હતી. કૈલાસધામ વૃદ્ધાશ્રમના ૪૦ વડીલોને તબીબી સારવાર તથા નિઃશુલ્ક દવાઓ આપવામાં આવી હતી. આ કાર્ય માટે સંસ્થાના દશરથલાલ પરમાર ઉત્કૃષ્ઠ સેવાઓ આપી રહ્યા છે. સહયોગ મંડળના સહકારથી ઓકટોબર માસમાં ૭૩ ગરીબ દર્દીઓને કુલ રૂ. ૯૧૪૪ની આર્થિક સહાય પણ કરવામાં આવી હતી. દર માસે લગભગ રૂ. ૧૫ હજારની સહાય સંસ્થા દ્વારા કરાય છે તેવું સંસ્થાના પ્રમુખ ભગુભાઈ પટેલ તથા સહમંત્રી દશરથલાલ પરમારે જણાવ્યું હતું.

# આદરજ ગામમાંથી વરલી મટકાનો જુગાર પકડાયો

## જુગાર રમાડી રહેલા એક શખ્સની ધરપકડ : એક વોન્ટેડ : આદરજમાં સતત ત્રીજા દિવસે ત્રીજો દરોડો

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર નજીક સ્થિત મોટી આદરજ ગામમાં પેથાપુર પોલીસ દ્વારા સતત ત્રીજા દિવસે દરોડો પાડવામાં આવ્યો છે અને ત્રીજા દિવસે પણ જુગાર પકડાયો છે. ગઈ સાંજે પોલીસે દરોડો પાડીને વરલી મટકાનો જુગાર રમાડી રહેલા એક શખ્સને રંગે હાથ પકડી પાડયો હતો. જયારે એક શખ્સ ફરાર થઈ ગયો હતો. પેથાપુર પોલીસે રૂ. ૨૧૬૫નો રોકડ મુદ્દામાલ તથા હીસાબો આને આંકડા લખેલું સાહીત્ય જપ્ત કરી ઉંડી પુછપરછ શરુ કરી છે.

પેથાપુર પોલીસમથકના પીએસઆઈ ડી.બી.વાળા તથા તેમની ટીમે ચોકકસ બાતમીને આધારે મોટી આદરજ ગામમાં ગઈ સાંજે દરોડો પાડયો હતો. દરોડો પાડીને પોલીસે વરલી મટકાનો જુગાર રમાડી રહેલ એક શખ્સને પકડી પાડયો હતો. આદરજ ગામનો જ રૂમાલ મણાજી ઠાકોર રૂ. ૨૧૬૫ રોકડા તથા વરલી મટકાના આંકડા લખેલું સાહિત્ય જપ્ત કરી પોલીસે તેની ધરપકડ કરી લીધી છે. જયારે બાલુજી ગોબરજી ઠાકોર નામનો શખ્સ ફરાર થઈ ગયો હતો. પેથાપુર પોલીસે કાયદેસરની કાર્યવાહી શરુ કરીને ફરાર આરોપીને શોધી કાઢવા તજવીજ શરુ કરી છે.




ઓમકાર ઈન્ટરનેશનલ સ્કૂલ દ્વારા આયોજીત 'પ્રખરતા શોધ ઉત્સવ'ના ચોથા દિવસે ધોરણ-૫ અને ૬ના વિદ્યાર્થીઓ દ્વારા વૈવિધ્યસભર અવનવી કૃતીઓનું આયોજન કરવામાં આવ્યુ હતું. જેમાં ધો-૫ના વિદ્યાર્થીએ 'બુકની આત્મકથા' અંગ્રેજીમાં રજુ કરી હતી તેમજ ધો-૬ની વિદ્યાર્થીનીએ 'ગુલાબની આત્મકથા' રજુ કરી સૌને દંગ કરી દીધા હતા. વિદ્યાર્થીઓ દ્વારા ડાન્સ, લાકડીદાવ, યોગ, પિરામીડ, સ્કેટીંગ, નાટક અને ગરબા જેવી સુંદર કૃતિઓ રજુ કરી પ્રેક્ષકોને આનંદિત કરી દીધા હતા. આ કાર્યક્રમમાં બાળકોએ પોતાની આવડત અને આગવી સૂઝ સાથે સમગ્ર કાર્યક્રમનું સંચાલન કર્યુ હતું.

# ઘ-૧ વિસ્તાર જુના ફર્નિચર વેચાણનું કેન્દ્ર બન્યું

ગાંધીનગર, તા.૫

શહેરના ઘ-૧ વિસ્તારમાં જુની ચીજવસ્તુઓનું બજાર ઉભું થયું છે. આ બજારમાં નગરજનોઓ નકામી બીન જરુરી ઘરમાંથી નીકાળી હોય તેવી ચીજવસ્તુઓનું વેચાણ થાય છે. જેમાં ડાઈનીંગ ટેબલ, ડબલ બેડ, સીંગલ બેડ, કબાટ, દરવાજા, કોમ્પ્યુટર, ટેબલ, સોફાસેટ, ટીવી કબાટ, ટીવી, ફ્રીઝનો સમાવેશ થાય છે. જરુરીયાતમંદ લોકો અહીં આવીને ખરીદી કરતા નજરે પડે છે. ઘ-૧ વિસ્તાર સેકન્ડ હેન્ડ ફર્નિચર માટે હોટ ફેવરીટ બન્યું છે.

અત્યારના હાઈટેક યુગમાં દિન પ્રતિદિન નવી ટેકનોલોજી આવી રહી છે. શિક્ષિત નગરજનો તેનો વપરાશ પણ કરી રહ્યા છે. સમય બદલાતા નગરજનો બિન ઉપયોગી ચીજવસ્તુઓ નીકાળીને નવી નવી વસ્તુઓ ખરીદતા થયા છે. પોતાના મનપસંદ ઘરમાં અદભુત રાચરચીલું ફર્નિચર બનાવતા જુના ફર્નિચરને વિદાય આપી દે છે. આ ફર્નિચરમાં એક જમાનામાં આન-બાન-શાન ગણાતું લાકડાનું ડાઈનીંગ ટેબલ, ટીવી શોકેસ, સોફાસેટ, ડબલબેડ સહિત આધુનિક ઉપરણો ફ્રીજ, ટીવી



જેવી વસ્તુ આ બજારમાં મામૂલી કિંમતે વેચાઈ રહ્યા છે. ફર્નિચર અને આધુનિક ઉપકરણનો વ્યવસાય કરતા વેપારીએ જણાવ્યું હતું કે જેવી ચીજવસ્તુ તેવી રીતે ખરીદી કરીએ છીએ. રૂ. ૧થી માંડી પાંચ હજાર રૂપિયાની ખરીદી થાય છે. ખરીદેલી વસ્તુ પર થોડો નફો મળતા જ અમે વેચી દઈએ છીએ. કારણ કે જૂની ચીજવસ્તુઓ ખરીદી કરવા આવતા લોકો જરુરીયાતમંદ હોય છે તેઓ થોડા રૂપિયામાં રાચરચીલું ફર્નિચર અને આધુનિક ઉપકરણોની ખરીદી કરી આનંદ મેળવતા હોય છે. દિવાળીનો તહેવાર નજીક છે ત્યારે અહીં આવીને લોકો ખરીદી કરે છે. ઘ-૧ વિસ્તારમાં વેપારીઓ ફર્નિચરની લાઈન લગાવી બેઠા છે તો કેટલાંક નગરજનો બિનજરુરી ચીજવસ્તુઓ વેચવા માટે આ વેપારીઓનો સંપર્ક કરવા પણ આવતા હોય છે ત્યારે નગરજનોમાં આ જુના ફર્નિચરનું બજાર હોટ ફેવરીટ બન્યું છે.

# શહેરના બજારોમાં અવનવી મીઠાઈઓનું આગમન

## આકર્ષક બોક્ષમાં પેક મીઠાઈ ખરીદવાનો ક્રેઝ નગરજનોમાં વધુ

ગાંધીનગર, તા.૫

દીપાવલીના શુભ પર્વ નિમિત્તે શહેરના બજારોમાં મીઠાઈની દુકાનોમાં વિવિધ મીઠાઈઓનું આગમન થઈ ચુકયું છે. કાજુ, ડ્રાયફ્રુટ તેમજ માવાની વિશેષ મીઠાઈ વેપારીઓ દ્વારા તૈયાર કરવામાં આવી છે. જયારે વેપારીઓ દ્વારા ડાયાબીટીસના દર્દીઓ માટે સ્પેશીયલ સુગર ફ્રી મીઠાઈઓનું પણ બજારમાં આગમન થઈ ચુકયું છે. બજારમાં કાજુ, લીચી તેમજ સ્ટ્રોબેરી, કતરીની મીઠાઈ નગરજનોમાં ફેવરીટ છે. જયારે મીઠાઈના બજારોમાં નોંધપાત્ર વધારો થવા પામ્યો છે. નગરજનો રૂ. ૪૦૦થી ૬૦૦ની રેન્જની બોક્ષ પેકીંગમાં મીઠાઈની સૌથી વધુ ખરીદી કરતા નજરે પડે છે.

દિવાળીના તહેવારોમાં નગરમાં મીઠાઈના વેપારીઓ નગરજનો માટે કંઈક વિશેષ મીઠાઈ બનાવે છે. દિવાળી અને નૂતનવર્ષમાં મહેમાનોનું મોં મીઠું કરાવતા નગરજનો વિવિધ મીઠાઈની ખરીદી કરતા હોય છે. આ વર્ષે બજારમાં મિઠાઈના વેપારી વિપુલ સુખડીયાએ



જણાવ્યું હતું કે દર વર્ષની જેમ આ વર્ષે પણ નગરજનો માટે વિશેષ મીઠાઈ બનાવી છે જેમાં પીસ્તા રોચર, ચોકલેટ રોચર, ડ્રાઈફ્રુટ બાઈટ, કાજુહની બાઈટ, કાજુ મૈસુ, બદામ કતરી, ડ્રાયફ્રુટ રોજ કયુ. અંજીર કસાટા, કાજુકતરી, કાજુ રોલ, કાજુ લીચી, કલાસીકલ કતરી, સ્ટ્રોબરી કતરીનો સમાવેશ થાય છે તેમજ સ્પેશિયલ ડાયાબીટીસના દર્દીઓ માટે સુગર લેસ મીઠાઈઓ પણ સ્પેશીયલ પેકમાં સોનપાપડી, કાજુ કતરી, મોતીચુર લાડુ, બોમ્બે હલવો ઉપલબ્ધ છે. આ વર્ષે દિવાળીમાં મીઠાઈ આપવા માટે આકર્ષક બોક્ષ પણ બજારમાં આકર્ષણનું કેન્દ્ર બન્યા છે. જેમાં મીનાકારી વર્ક, જર્મન સિલ્વડર ટ્રે, વુડન,મેટાલીક બોડી, હેન્ડીક્રાફટ વગેરેનો સમાવેશ થાય છે. માવાની મીઠાઈઓને પણ મોંઘવારી નડી હોય તેમ લાગી રહ્યું છે. ડ્રાયફ્રુટ મીઠાઈઓ માર્કેટમાં રૂ. ૭૦૦થી ૯૦૦ તેમજ માવાની મીઠાઈઓ રૂ. ૪૦૦થી ૪૫૦માં બજારમાં ઉપલબ્ધ છે. નગરમાં દિપાવલીના પર્વે મીઠાઈ બજાર તેજીમાં છે. બજારોમાં નગરજનો વિવિધ મીઠાઈ ખરીદવા ઉત્સુક બન્યા છે.

## @ગાંધીનગર

● ઈન્ફોસીટી જુનિયર સાયન્સ કોલેજ દ્વારા સવારે ૯ થી ૧૨ કલાક દરમિયાન સે-૧૭ ટાઉનહોલ ખાતે શાળાનો વાર્ષિકોત્સવ ઉજવાશે.

● સે-૨૩, સ્વામિનારાયણ ગુરુકુળમાં ઘનશ્યામ મહારાજના ૧૩મા પાટોત્સવની ઉજવણી અન્વયે ફૂલોનો અભિષેક અને ફળોનો ભોગ ધરાવાશે તેમજ જરૂરિયાતમંદોને ફળોનું વિતરણ કરાશે.

- નજાહખાનમ સૈયદ

## ગાંધીનગર પ્રજાપતિ સમાજ કો.ઓપ. ક્રેડીટ સોસાયટીની સ્થાપના

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર પ્રજાપતિ સમાજ દ્વારા ગાંધીનગર શહેર તેમજ તાલુકાના પ્રજાપતિ બંધુઓ માટે કો.ઓપ. ક્રેડીટ સોસાયટીની રચના કરવાનો નિર્ણય લેવાયો છે. સોસાયટીમાં સભ્ય થવા માંગતા જ્ઞાતિબંધુઓ સત્વરે ફોર્મ કાર્યાલયમાંથી મેળવી ભરીને પ્રમુખ/મંત્રીને પહોંચતા કરવા માહિતી માટે સંપર્ક કરવા જણાવેલ છે. ક્રેડીટ સોસાયટીનું સત્વરે રજીસ્ટ્રેશન કરવામાં આવશે.

## રેશનલ સમાજની માસિક બેઠક યોજાશે

ગાંધીનગર, તા.૫

રેશનલ સમાજ ગાંધીનગરની માસિક બેઠક આગામી તા. ૭ નવેમ્બરને શનિવારના રોજ સાંજે ૫.૦૦ કલાકે સેકટર-૨૩, ઘ ટાઈપ, બ્લોક નં. ૬૧/૧ ખાતે મળે. આ બેઠકમાં અમદાવાદના જાણીતા રેશનાલીસ્ટ કિરીટ શાહ 'સમાજમાં પ્રવર્તતી અંધશ્રધ્ધાઓ'ને લગતા વિષય ઉપર વકતવ્ય આપશે. સમાજના તમામ સભ્યોને ઉપસ્થિત રહેવા રેશનલ સમાજના મંત્રી પંકજભાઈ પટેલે જણાવ્યું છે.

## ટાઉનહોલ ખાતે કૈકેયી નાટક યોજાશે

ગાંધીનગર, તા.૫

ગાંધીનગરની કલા સંસ્થા કલાગુર્જરી દ્વારા તા. ૮ નવેમ્બરના રોજ આર્યાવર્તની આગવી અસ્મિતાને આબાદ રાખનાર રાજનીતિજ્ઞ સન્નારી કૈકેયી ગુજરાતી નાટકનું આયોજન કરવામાં આવ્યું છે. સે-૧૭ ટાઉનહલ ખાતે રાત્રે ૯.૩૦ કલાકે યોજાનાર આ નાટકના સંવાદ તેમજ કથા જાણીતા કટારલેખક દોલત ભટ્ટ દ્વારા તૈયાર કરવામાં આવ્યા છે તેમજ રાજુ બારોટે નિર્દેશન કર્યું છે.

## વાતવાતમાં

● ઘ-૨ થી ઘ-૦ના માર્ગે ડિવાઈડર પર વાવેલા ફુલછોડ સાથે આંકડા જેવી વનસ્પતિ પણ વિપુલ પ્રમાણમાં ઉગી નીકળી છે. આ વનસ્પિતઓ વચ્ચે રખડતી ગાયો ચરતી હોય છે જે અચાનક ખાવાનું પતાવી માર્ગ વચ્ચે પ્રગટ થાય છે જેના કારણે અકસ્માત થવાનો ભય રહેલો છે.

● નગરમાં પાથરણા બજાર મોટા પ્રમાણમાં વિકાસ પામી રહ્યું છે. દિવાળીના તહેવારની સીઝન હોવાથી અડ્ડો જમાવી રહેલા આ ફેરિયા પછી કાયમી સ્તરે ગોઠવાઈ ભવિષ્યમાં દબાણના પ્રશ્નો ઉભા ના કરે તે તંત્રએ જોવું રહ્યું.

● શહેરના સે-૧૩ ખાતે સવારના સમયે એક વૃદ્ધ સાયકલ પર જઈ રહ્યા હતા ત્યારે અચાનક હાર્ટ એટેક આવતા વૃદ્ધનું મૃત્યુ નિપજયું હતું.

● દિકરો મિત્ર સાથે બોર્ડર પર દારુ પીવા પહોંચી ગયો અને પિતાએ પોલીસ સ્ટેશન જઈ અપહરણની ફરિયાદ નોંધાવી.

● સરકારી કચેરીઓમાં દિવાળી પૂર્વે ગીફટ બોક્ષ અને સ્વીટ બોક્ષની બોલબાલા વધી રહી છે. કોર્પોરેટ ક્ષેત્રની સાથોસાથ અન્ય રાજકીય અને વેપારીજગત પણ દિવાળીની ગીફટ અને સ્વીટ આપવાની હોડમાં જોડાયું છે.

- સમીર રામી
૯૯૨૪૪૪૬૬૪૫

## રાજય કર્મચારી સંકલન સમિતિનો ધરણા કાર્યક્રમ મોકૂફ

ગાંધીનગર, તા.૫

ગુજરાત રાજય કર્મચારી સંકલન સમિતિની આજે મહ્ત્વની બેઠક મળી હતી. જેમાં કર્મચારીઓ હોદ્દેદારો ચુંટણીની કામગીરીમાં રોકાયેલા હોવાથી પૂર્વ નિર્ધારિત ધરણા કાર્યક્રમ મોકુફ રાખવામાં આવ્યો છે તેમ સંકલન સમિતિના અધ્યક્ષ વિષ્ણુભાઈ પટેલે જણાવ્યું છે.

ગુજરાત રાજય કર્મચારી સંકલન સમિતિ અને સરકાર દ્વારા સંમતિ સધાયેલા મુદ્દાઓના પરિપત્રો આજ દિન સુધી ન થતા સંકલન સમિતિના પૂર્વ નિર્ધારિત કાર્યક્રમ માટે આજે બેઠક મળી હતી. જેમાં તા. ૬ નવેમ્બર ૨૦૧૫થી શરૂ થનાર ધરણા કાર્યક્રમ અંગે ચર્ચા કરવામાં આવી હતી પરંતુ કર્મચારી હોદ્દેદારો ચૂંટણી સંલગ્ન કામગીરીમાં રોકાયેલા હોવાથી આ શરૂ થનાર ધરણા કાર્યક્રમ હાલ પૂરતો મોકુફ રાખવામાં આવ્યો છે. વધુમાં કર્મચારીઓના પડતર પ્રશ્નો બાબતે નવરચિત ફોર્મ ગુજરાત સ્ટેટ યુનાઈટેડ એમ્પ્લોઈઝ ફ્રન્ટને સંકલન સમિતિને નૈતિક ટેકો જાહેર કર્યો હતો તેમ વિષ્ણુભાઈપટેલે જણાવ્યું હતું.



ગાંધીનગરની લાયોનેસ કલબ અને શ્રધ્ધાદીપ ગ્રીનક્રોસ લેબોરેટરીના સંયુકત ઉપક્રમે ધણપ ગામ ખાતે નિઃશુલ્ક ડાયાબીટીસ ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેનો મોટી સંખ્યામાં દર્દીઓએ લાભ લીધો હતો. આ કેમ્પમાં ૧૮૦થી વધુ દર્દીઓનું વિના મૂલ્યે ચેક અપ કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં કલબના પ્રમુખ વૈશાલી જોષી, સેક્રટેરી દક્ષા જાદવ અને કલબના સભ્યોએ હાજર રહી દર્દીઓની સેવા કરી હતી તેમજ ધણપ ગામના સરપંચ તથા યુવરાજસિંહ રાણાએ સહકાર પુરો પાડયો હતો.

## ચિરવિદાય

- સ્વ. લાલજી વિશાજી રાણા, ઉ.વ. ૩૭
- સ્વ. નથાજી ઠાકોર, ઉ.વ. ૮૫
- સ્વ. સત્યમસિંહ દિલીપસિંહ સોલંકી, ઉ.વ. ૪૨
- સ્વ. જયાબેન ચુનીલાલ લુહાર, ઉ.વ. ૬૫
- સ્વ. મણીબેન જીવાભાઈ ઠાકોર, ઉ.વ. ૭૫